**GJSK060005742017**

<u>**રેગ્યુ.દી.મુ. નં.૧૨/૨૦૧૭**</u>

# <u>આંક –૧ લગત હુકમ</u>

દાવાનું રેકર્ડ ધ્યાને લીધુ, કેસ રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં સદર દાવો ઘણા લાંબા સમયથી વાદી તર્ફે પુરાવો રજુ રાખવાના સ્ટેજ ઉપર ચાલી રહેલ છે. સદર કામે આંક–૩૧ થી તારીખ : ૩૧/૦૮/૨૦૧૯ ના રોજ '' મુદ્દા '' ઘડવામાં આવેલ છે. ત્યાર બાદ થી લઈને આજદિન સુધી વાદીને પુરાવો રજુ રાખવા ઘણી મુદ્દતો આપવામાં આવેલી છે, પરંતુ વાદી તર્ફે આજદિન સુધી કોઈ પુરાવો રજુ રાખવામાં આવેલ નથી. આજ રોજ વાદીઓ તથા પ્રતિવાદી તથા તેઓના વિ.વ.શ્રીઓનો વારંવાર પોકાર કરાવવામાં આવેલ છે, પરંતુ આજ રોજ કોઈ હાજર રહેલા નથી કે, વાદી તર્ફે પુરાવો રજુ કરવા કોઈ મુદ્દત અરજી કે રજુઆત નથી.

ઉપરોકત સંજોગોમાં વાદીને હાલનો દાવો ચલાવવામાં રસ હોય તેમ જણાઈ આવતુ નથી અને વાદી તર્ફે પુરાવો રજુ ન રાખવાના કારણોસર કેસની કાર્યવાહી વિલંબમાં પડે છે. આજરોજ પણ વાદીઓ તથા પ્રતિવાદી કે તેમના વિ.વ.શ્રી કોઈ હાજર રહેલા નથી. ઉપરોકત સંજોગોમાં અત્રેની કોર્ટ દ્વારા વાદીઓને પુરાવો રજુ કરવા માટે પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે. વાદીને હજુ વધુ તક આપવી ન્યાયોચીત જણાઈ આવતી ન હોય હાલના દાવાના સંદર્ભમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>// હુકમ //</u>

વાદીનો હાલનો દાવો પુરાવો ન રજુ રાખવાના કારણોસર દિવાની કાર્યરિતી સંહિતા ૧૯૦૮, ઓર્ડર–૯, રૂલ–૩ મુજબ કાઢી નાંખવાનો યાને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો અને તે મુજબ દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૨૩મી, માહે : જુલાઈ, સને.૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

**સહી/– અવાચ્ય**
**( મોહમદસરફરાઝ અબ્દુલકાદર શેખ )**
પ્રિન્સીપાલ સીવીલ જજ અને
જયુડી. મેજી. ફ.ક.–વિજયનગર
**( જી.જે.૦૧૬૨૮ )**

સ્થળ : વિજયનગર.
તારીખ : ૧૧/૦૭/૨૦૨૪.